# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૩ સં.૨૦૭૯
અંક : ૧૦ જેઠ-મે સળંગ અંક-૧૩૧

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**
**અને**
**: પત્ર વ્યવહાર :**



**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર
ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની
લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,
પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.
(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ અહો નવકાર !!!
★ પરિગ્રહ - ૩
★ વાંચનનું તારણ, ભક્તિનું કારણ
★ અનુમોદનામૃતમ્


## આર્ષવાણી

ज्ञानमग्नस्य यच्छर्म,
तद्वक्तुं नैव शक्यते ।
नोपमेयं प्रियाश्लेषै-
र्नापि तच्चन्दनद्रवैः ।।

જ્ઞાનમાં મગ્ન-લીન બનેલી વ્યક્તિને જે સુખ છે, તે શબ્દોમાં ઉતારી શકાય તેવું નથી. તે જ રીતે પત્નીના આલિંગનથી કે ચંદનના વિલેપનથી મળતાં સુખ સાથે પણ તેની સરખામણી કરી શકાય તેમ નથી.

ઉપશમભાવની પુષ્ટિ કરનાર જ્ઞાનામૃતના બિંદુની પણ મહાકથા છે તો જ્ઞાનામૃતમાં સંપૂર્ણ મગ્ન થયા હોય તેની સ્તુતિ કઈ રીતે કરવી ?





- પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શન સૂરીશ્વરજી મહારાજા

(ગતાંકથી...) મુનિજીવન સ્વીકારતાં પૂર્વે જીવે મોહધૂનન, કર્મધૂનન, સ્વજનધૂનન, શરીરધૂનન વગેરે કરવું જોઈએ, જેથી મોહ કે સ્વજન, શરીર કે ઉપકરણનો રાગાદિ સંયમમાં બાધક ન બને. ધૂનનનો અર્થ છે, તેના રાગને પાતળો પાડી દેવો. તેનું આકર્ષણ ઘટાડવું. આ વાત આચારાંગના ધૂતાધ્યયનમાં જણાવી છે. રાગની હાજરીમાં વિરાગ પેદા થતો નથી કે ટકતો પણ નથી.

વળી, સંયમનો સ્વીકાર કરતાં પહેલાં દીક્ષા શા માટે ? દીક્ષાનો ઉદ્દેશ શું ? અને દીક્ષાનું ફળ શું ? એ વાત પણ બરાબર સમજી લેવી જોઈએ. દીક્ષા શા માટે ? તેનો જવાબ છે : 'કષ્ટાર્થં દીક્ષા' મતલબ, કષ્ટ-પીડા વેઠવા માટે દીક્ષા છે. સંયમનો વેષ પહેરી લેવા માત્રથી મોક્ષ મળી જતો નથી.સાધુ થયા પછી જગતનાં માન-પાન લેવાનાં નથી. સત્કારને પણ શીતપરિષહ તરીકે ગણાવ્યો છે. બાવીશ પરિષહમાં તેને પણ સ્થાન આપેલ છે. માન-અપમાન બંનેમાં સમભાવ રાખવાનો છે. સાધુ જીવનમાં સુખશીલતા આવી ગઈ તો ; ગૃહસ્થ કરતાંય ઊંડી દુર્ગતિ થઈ શકે છે ! દુ:ખને સામે ચાલીને બોલાવવાની સાધના છે સાધુ જીવનમાં ! દુ:ખથી ડરનારો કે ભાગી છૂટવાની વૃત્તિવાળો મુનિજીવન ન જીવી શકે, સાધુતામાં ન ટકી શકે ! મુનિજીવન તો રજોહરણને અને ભગવાનની આજ્ઞાને વફાદાર રહીને જીવવાનું છે.

દીક્ષાનો ઉદ્દેશ છે : 'નિર્જરાર્થં દીક્ષા' અર્થાત્ કર્મક્ષય કરવાની સાધના છે મુનિજીવન. મુખ્યત્વે સંવર (નવાં કર્મોને આવતાં અટકાવવાં) અને નિર્જરા (ભૂતકાળમાં મિથ્યાત્વ - અવિરતિ - કષાય- યોગ - પ્રમાદાદિને પરવશ બની બાંધેલાં કર્મોને ખપાવવા ) માટે દીક્ષા છે. ક્ષણે ક્ષણે આ બે કાર્યો માટે જાગ્રત રહેવાનું છે. મુનિજીવનની દરેક ક્રિયામાં બહારથી આવનારા ઉપસર્ગો કે પરિષહોમાંય આ બંને ચીજોના લક્ષ અને પક્ષ સાથે આગળ વધવાનું છે. તે માટે ઉપસર્ગ - પરિષહ વગેરે પીડામાં નિમિત્ત બનનારને દુશ્મન નહીં, ઉપકારી માનવાની વાત શાસ્ત્રકાર ભગવંતોએ કરી છે.

દીક્ષાના ફળ તરીકે ભૌતિક સુખની નહીં, આત્મકલ્યાણની એટલે કે માત્ર મુક્તિની જ ભાવના પૂર્વક મન-વચન-કાયાથી પુરુષાર્થ કરવાનો છે. એ પુરુષાર્થમાં ઈન્દ્રિયો, મન કે શરીર વચમાં વિઘ્નરૂપ ન બનવાં જોઈએ. મતલબ, પુદ્‌ગલને સાચવવામાં જીવનો (ગુણોનો) ભોગ ન દેવાવો જોઈએ. તે માટે અમૃતવેલની

સજ્ઝાયની પંક્તિ વારેવાર ઘુંટવા જેવી છે : 'દેહ - મન - વચન -પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે'.... પુદ્ગલની માયા જીવને ઠગી જાય - એવું ન બનવું જોઈએ.

ભૌતિક પદ - પ્રતિષ્ઠા કે પૌદ્ગલિક સુખોની પ્રાપ્તિ માટે સંયમનો ઉપયોગ નથી કરવાનો. માટે જ નવ(૯) પાપનિયાણાનો ત્યાગ કરવાનું શાસ્ત્રકારોએ ફરમાન કર્યું છે. જે શ્રમણ-શ્રમણી જ્ઞાનામૃતનું પાન કરે છે, તેને બહારની દુનિયા મોટેભાગે લલચાવી શકતી નથી. બહારની (ભૌતિક) દુનિયામાં લલચાયેલો જીવ જ્ઞાનરૂપી અમૃતનો રસાસ્વાદ માણી શકતો નથી.

શ્રમણજીવન જીવતા આત્માની સંભાળ લેનારી આઠ - આઠ માતાઓ છે. જે પુણ્યાત્મા આવી માતાઓની ગોદમાં રહેતો હોય તેને ઊણી આંચ પણ ક્યાંથી આવે ?

સુદર્શન મુનિવર આવી આવી સમજદારી પૂર્વક દીક્ષા લઈ સંયમ પાળી રહ્યા છે. વિનય - વિવેક, તપ - ત્યાગ, સંયમ - સ્વાધ્યાય, જ્ઞાન - ધ્યાન, સેવા - ભક્તિ, ક્ષમા - નમ્રતા વગેરે ગુણોની સાધના અપ્રમત્તપણે કરી રહ્યા છે.

જ્ઞાનાચારનાં પાલનપૂર્વક શાસ્ત્રાધ્યયન કરી રહ્યા છે. બીજી તરફ ક્ષમા (સમતા) સાથે તપશ્ચર્યા પણ કરી રહ્યા છે. તમામ કાર્યો ઉલ્લાસપૂર્વક કરી રહ્યા છે.જ્ઞાનાર્જન, નિયમિત્ત સ્વાધ્યાય, અપ્રમત્તપણે ક્રિયાકલાપ, ગુરુવિનય, જિનાજ્ઞા - ગુર્વાજ્ઞાપાલન વગેરેથી આત્માને ભાવિત કરતાં આ મુનિવર ; કનક-પાષાણ, રાજા-રંક, સેવક-શત્રુ, તૃણ-મણિ, સંસાર-મોક્ષ......વગેરેમાં સમાન ભાવવાળા બની ગયા. સમભાવ અને સમતાનાં નીરવાળી સરિતામાં નિત્ય સ્નાન કરી રહ્યા છે.તેના જ કારણે મનોહર પદાર્થ હોય કે જુગુપ્સનીય પદાર્થ હોય, રહેવા માટેનું મકાન સારું હોય... કે ખરાબ, ગોચરી - પાણી સારાં હોય કે લૂખાં - સૂકાં હોય... નીરસ હોય.... તેમને આસક્તિ કે દુર્ગંછા થતી નથી ! એવો સમભાવ - માધ્યસ્થભાવ કેળવ્યો છે.

સંયમની સાધના કરતા આ મુનિવર પણ નવકલ્પી વિહારના ક્રમે ગ્રામાનુગ્રામ વિહાર કરી રહ્યા છે. દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવનો તેમને કોઈ પ્રતિબંધ (રાગ) નથી. તેઓ શરીરને નહીં, આત્માની પરિણતિને હૃષ્ટ-પુષ્ટ બનાવી રહ્યા છે. ઈન્દ્રિયોને વિષયોનો ખોરાક નથી આપી રહ્યા પરંતુ શરીરને ભાડું આપવા પૂર્વક આત્માને ગુણોનો ખોરાક આપી રહ્યા છે. તગડું બનેલું શરીર ચિંતાનું કારણ બની શકે છે, તગડો બનેલો આત્મા નહીં.

વિહાર કરતા મુનિવર પાટલીપુત્ર નગરમાં પહોંચ્યા, જ્યાં પેલી પંડિતા



અભયારાણી પાસેથી નીકળી અહીં 'દેવદત્તા' નામની વેશ્યાને ત્યાં આવીને રહી હતી. સજાથી બચવાના ઈરાદાથી તેણીએ રાજમહેલ છોડ્યો હતો. બાકી રાજમહેલ છોડી આવા-વેશ્યાના ગૃહને કોણ પસંદ કરે ?

આ પંડિતા રોજ દેવદત્તા વેશ્યા સામે સુદર્શનનાં પેટ ભરીને વખાણ કરતી હતી. તે વખાણ સાંભળતાં વેશ્યાના મનમાં ગુસ્સો પેદા થતો હતો. ગુસ્સામાં આવીને કહેતી કે - 'તું તેને જો અહીં લાવે તો મને ખાત્રી થાય...' એકવાર આવો કડવો અનુભવ થયા પછી બીજીવાર તે કઈ રીતે સાહસ કરે ? રાજમહેલ તો છોડવો પડ્યો, હવે બીજીવાર દુઃસાહસ કરતાં કદાચ આ વેશ્યાનું ઘર પણ છોડવાની નોબત આવે અથવા અભયા રાણીની જેમ દેહ છોડવાનોય વખત આવી શકે. એટલે અત્યારે તેને ઉપાડી લાવવાનું જોખમ ન જ ઉઠાવાય. યોગાનુયોગ એ સુદર્શન શ્રાવક મટી સાધુ થઈને વિહાર કરતા અહીં આવ્યા છે, એવા સમાચાર આ પંડિતાને મળ્યા. પોતાને દુઃખમાં નાંખનાર આ સુદર્શન પર દ્વેષ તો હતો જ. અલબત્ત, સુદર્શને તો કોઈ એવી કાર્યવાહી નથી કરી પરંતુ પોતે જ મોટી સજાથી બચવા નગર છોડી અહીં આવી ગઈ હતી.

પંડિતા માયાવી શ્રાવિકા બની ગઈ ! સ્ત્રીને માયાનો સંબંધ તો જન્મજાત હોય છે. માયા કરવા માટે તેનું મન લલચાતું હોય છે. પોતાની કપટલીલાનો પરચો દેવદત્તાને બતાવવા તેણી સુદર્શન મુનિ પાસે પહોંચી ગઈ. જાણે ભૂતકાળમાં બનેલી ઘટનાનું વેર લેવા તૈયાર થઈ ! કષાયોના મલિન ભાવો જીવને કેવી દુષ્ટ ભાવનાઓ પેદા કરાવે છે ? દિલમાં રહેલી દુષ્ટ ભાવના બદલો લેવા માટે પ્રેરે છે. મોહરાજાની આજ્ઞાને આધીન બનેલી વ્યક્તિ; 'હાર્યો જુગારી બમણું રમે' જેવો દાવ ખેલવા તૈયાર પણ થઈ જાય છે. માત્ર માનવીય જ નહીં, દૈવી પ્રભાવ-ચમત્કાર જોવા - જાણવા છતાંય મનમાં રહેલી અદાવતના કારણે બિચારી (!) પંડિતા જાણે, 'સિંહની કેસરા ખેંચવા સસલું તૈયાર થઈ જાય' તેમ તૈયાર થઈ ગઈ. બુદ્ધિશાળી - હોંશિયારની કક્ષામાં આવતા જીવોય કષાયોની પ્રેરણાથી ભાન ભૂલી જાય છે !

પંડિતા પહોંચી ગઈ સુદર્શન મુનિવર પાસે. સોના કરતાં કાંસાનો રણકાર સારો હોય, હીરા કરતાં કાચની ચમક - દમક વધુ હોય ... તેમ સાચી શ્રાવિકા કરતાં માયાવી શ્રાવિકાના હાવ-ભાવ વધારે અંજામણાં હોય છે. કપટી માનવ ભલ-ભલાને છેતરવામાં સફળ થઈ જાય છે. એમાં વળી આ પંડિતાએ; પોતાને તપનું પારણું છે, એવું માયાપૂર્વકનું મૃષાવાદ(જૂઠ) બોલી પારણા નિમિત્તે ગોચરી વહોરવા આવવાની અતિ આગ્રહભરી આજીજી-વિનંતિ કરી પંડિતા પરત દેવદત્તાને ઘેર પહોંચી ગઈ. આહારદાનની-સુપાત્રદાનની આવી ભાવનાને કોણ ઠુકરાવે ?

સરળતા ગુણના યોગે પંડિતાની દંભભરી- માયાવાળી વિનંતિનો તાગ સુદર્શન મુનિવર ન પામી શક્યા ! સ્ત્રીના કાળજાને ઓળખવાનું કાર્ય બુદ્ધિના બેતાજ બાદશાહ ગણાતા માનવોને માટે કપરું છે ! એમાંય વળી એ કાળજામાં માયાનો પ્રવેશ થઈ જાય પછી તો તેના રૂપ-રંગ એવાં બદલાઈ જાય છે કે ત્યાં માંધાતાય થાપ ખાઈ જાય ! કદાચ આવા સમયે બ્રહ્મા આવેને તો ય હાર કબૂલવી પડે !

મોક્ષના સાધકમાં બીજા ગુણો ઓછા - વધતા હોય તો કદાચ ચાલે પરંતુ સરળતા ગુણ તો હોવો જ જોઈએ. માટે જ પ્રાયશ્ચિત્તના ગ્રંથોમાં જણાવ્યું કે - 'સોહી ઉજ્જુઅ-ભૂયસ્સ' - અર્થાત્ સરળ - બાળક જેવો નિષ્કપટ આત્માની શુદ્ધિ થાય છે. કપટ - માયા - દંભવાળા જીવની શુદ્ધિ સંભવતી નથી ! સરળ માનવ કે સાધુ માયાવી આંટી - ઘુંટીનો શિકાર બની જાય છે.

અત્યંત વિનમ્રતા પૂર્વક કરેલી તપના પારણાની વિનંતિને માન આપી મહાત્મા સુદર્શનમુનિવર પહોંચી ગયા.... દેવદત્તા વેશ્યાને ત્યાં. મહાત્માના ઘરમાં પ્રવેશતાંની સાથે જ વેશ્યાએ ઘરના દરવાજા અંદરથી બંધ કરી દીધા !

હવે તો મુનિવરને ચલાયમાન કરવા જ છે, એવા નિશ્ચયવાળી વેશ્યાએ પોતાના ચેન-ચાળા શરૂ કરી દીધા. વિકાર પેદા કરનારાં વચનો સંભળાવવા લાગી. ગમે તેમ તોય જાતની વેશ્યા હતી. તેને આ વિષયનું કયું જ્ઞાન ન હોય ? ભલ - ભલાને લપેટમાં લઈ શકે, વશ કરી શકે, આંટી મારી શકે, વિકારગ્રસ્ત બનાવી દે, દૂર રહીનેય પોતાનો બનાવી શકે.. તેને માટે તો ચપટીના ખેલ ગણાય. પરંતુ આ તો કઈ માટીનો હશે, ગમે તેટલા પ્રયત્નો કર્યા... ન વિકાર, ગુપ્ત બન્યા... ન વશ થયા. !!!

વચનો દ્વારા તમામ પ્રયત્નો કરી લીધા... છતાં સફળતા ન મળી... ત્યારે વિવિધ હાવ-ભાવ શરૂ કર્યા. કામણગારી કાયાના ભિન્ન - ભિન્ન અંગ મરોળના દાવ અજમાવી દીધા. તેણીને પરિણામ ન મળ્યું ! હોંશિયાર વિદ્યાર્થીને ગમે તેવા સવાલોવાળી, ગમે તેવી પરીક્ષા લો... પાસ જ થાય... તેમ આ મુનિવર વાસના-વિજેતા હતા. વેદમોહનીય કર્મરૂપ નોકષાય ઉપર કાબૂ મેળવી લીધો હતો. સ્પર્શનેન્દ્રિય આદિ ઈન્દ્રિયોને અને એને પૂરો સાથ - સહયોગ આપનારા મનને તો એવું માર્યું હતું કે - સામે અવાજ કરવાનુંય નામ ન લઈ શકે !

વેશ્યાને તો પોતાની આવડત - હોંશિયારી અને ચાલાકી ઉપર ગર્વ હતો. તે ઉપરાંત વેશ્યાના વ્યવસાયમાં વર્ષો વિતાવવાના કારણે ગમે તેવા પુરુષને ચરણોમાં



આળોટતો કરવાની કળા આત્મસાત્ કરી લીધી હતી. માટે જ તો તેણીએ પંડિતાને કહ્યું હતું કે - તું એક વાર તેને અહીં લઈ આવ... પછી હું મારો પરચો બતાવું. આકાશમાં ઊડતા પંખીને નીચે પછાડવાની મારી હોંશિયારી આગળ માનવમાત્ર મગતરા જેવો છે... એની શી વિસાત છે ? બધાને પાણી - પાણી કરી દઉં. તેને હરાવીને હું જીત મેળવી લઉં.

જગતની કહેવત તેને ખબર નથી કે -'શેરને માથે સવા શેર હોય છે.!' ભલ-ભલા અભિમાનીનાં માન ગળી ગયાં છે, ત્યાં આ વેશ્યા કોણ છે ? પોતાની તમામ શક્તિઓ વેશ્યાએ કામે લગાડી દીધી ! બાણ જેવાં સણ - સણતાં કટાક્ષોનો રસ્તો અજમાવ્યો. તે જ્યારે નિષ્ફળ ગયો ત્યારે હવે હદ વટાવી અંગસ્પર્શ દ્વારા વાસનાને ઢંઢોળવાનો રસ્તો લીધો. તે માટેનાં મર્મસ્થાનોમાં માહેર વેશ્યાએ કશું જ બાકી ન રાખ્યું. તમામ મર્યાદાઓ ઓળંગી દીધી ! તમામ અંગોપાંગનો સ્પર્શ પોતે કરી લીધો... પોતાનાં અંગોપાંગનો સ્પર્શ મુનિવરના હાથે કરાવી દીધો... પણ મુનિવર તો જાણે પત્થરનું પુતળું !

સ્થૂલભદ્રમુનિ અને કોશાવેશ્યા વચ્ચે તો અંગસ્પર્શ નહોતો. એટલી મર્યાદા હતી. અહીં તો તમામ મર્યાદાઓનાં વેશ્યાએ ચીંથરાં ઉડાડી દીધાં ! તોય મુનિવર તો મેરુ જેવા નિષ્પ્રકંપ રહ્યા ! વાયુ જો પર્વતના શિખરને હલાવી શકે તો દેવદત્તાને સફળતા મળે ! મુનિવરના રૂંવાડામાંય નિકાર નથી જાગ્યો. કેવું ઈન્દ્રિયદમન ! કેવું મનોદમન ! કેવું આત્મદમન ! બપોરના પોતાના મકાનમાં આવેલા એ મુનિવરને સાંજ સુધી રંજાડ્યા ! વેશ્યાના પક્ષે પરિણામ શૂન્ય ! સુદર્શન મુનિવર સો ટચના સોના જેવા શુદ્ધ પુરવાર થયા. તમામે તમામ ઉપાયો કરવા છતાં જ્યારે સફળતા ન મળી, મુનિવર ચલાયમાન ન જ થયા.... ત્યારે હારી-થાકીને વેશ્યાએ સંધ્યા સમયે મુનિવરને છોડી દીધા.

મુનિવરના મનની વાત કરીએ તો તેઓ કર્મવિપાકનો વિચાર કરતા રહ્યા ! જેને શાસ્ત્રની ભાષામાં 'વિપાકવિચય' નામનું ધર્મ ધ્યાન ગણાય છે. કર્મોની વિવિધ વિટંબણાઓની એમાં વિચારણા હોય છે. તેનું એકાગ્રપણે ચિંતન હોય છે. ધર્મ ધ્યાન આવવાના કારણે દુર્ધ્યાન અટકી જાય છે. નવાં કર્મોનો બંધ થતો નથી. જૂનાં કર્મોની મોટા પ્રમાણમાં નિર્જરા થાય છે. કર્મગ્રંથનું જ્ઞાન હોય તે વ્યક્તિ સારી રીતે આ ધ્યાન કરી શકે છે. ધ્યાનશતક ગ્રંથમાં દરેક ધ્યાનને વિસ્તારથી સમજાવેલ છે.

કર્મવિપાકની વિચારણા કરવાથી દુઃખ આપનાર કે દુઃખમાં નિમિત્ત બનનાર જીવ ઉપર દ્વેષભાવ પેદા થતો નથી. કાષાયિક ભાવોથી આપણો આત્મા બચી જાય છે. આટ - આટલી વિટંબણા કરવા છતાં સુદર્શનમુનિને દેવદત્તા માટે કોઈ

દુર્ભાવ પેદા નથી થયો. શારીરિક પીડા તો દૂર રહી, તે તો મુનિ માટે સહન કરવા યોગ્ય છે... પરંતુ શીલ - ચારિત્ર નામના ગુણને દૂષિત-કલંકિત કરવાનો પ્રયત્ન કરવા છતાં મુનિવરે તેના તરફ દ્વેષનો ભાવ પોતાના હૃદયના ખૂણામાંય નથી જાગવા દીધો ! જેમ અભયા પ્રત્યે તેમને દ્વેષભાવ પેદા ન થયો, તેટલું જ નહીં ; તેને અભયદાન દેવા માટે રાજા દધિવાહન પાસે વચન લીધું. ભલે અભયા જાતે જ આપઘાત કરીને મરી ગઈ, તે વાત જુદી ગણાય. તેને પોતે તે સજા ન કરી, ન તેને ગુનેગાર તરીકે વગોવી. તે જ રીતે અહીં પણ દેવદત્તા વેશ્યા પર દુર્ભાવ ન જાગવા દીધો. હા, આ મહાત્માને અભયા ઉપર કોઈ દુર્ભાવ કે દુશ્મની નહોતી... પરંતુ તેના હૃદયમાંથી સુદર્શન પ્રત્યે તો ભયંકર દુષ્ટભાવ - દુશ્મની છે... તે દુશ્મનીના યોગે શું થાય છે, તે વાત પછી........

**(ક્રમશઃ)** ધ

## ★ પરિગ્રહ - ૩ ★★★

**-શ્રીધર્મમિત્ર**

પરિગ્રહાષ્ટકના પ્રથમ શ્લોકના આધારે વિચારણા-વિવેચન કર્યું. હવે બીજા શ્લોકના આધારે વિચારણા કરીશું.

**परिग्रहग्रहावेशाद्, दुर्भाषितरजः किराम् ।**

**श्रूयन्ते विकृताः किं न, प्रलापा लिङ्गिनामपि ।। २ ।।**

**સામાન્ય ભાવાર્થ :** પરિગ્રહરૂપ ગ્રહ (વળગાડ)નો આત્મામાં પ્રવેશ થતાં જ વેષધારી સાધુઓનાં પણ વિકારવાળાં ઉત્સૂત્રભાષણરૂપ રજ-ધૂળ ઉડાડનારાં બકવાદો શું સંભળાતાં નથી ? અર્થાત્ પરિગ્રહરૂપ ગ્રહનો પ્રવેશ થયા પછી સાધુતા વિહોણા વેષધારી સાધુઓ ઉત્સૂત્ર બોલવાનાં મહાપાપ સુધી પહોંચી જાય છે. જ્યારે જૈન મુનિઓની આ દશા થાય તો અન્ય જીવોની તો વાત જ ક્યાં કરવી ?

જગતમાં કહેવત છે : કંચન ને કામિની મુનિવરને પણ ચલિત કરી શકે છે. તેનાથી બચવા માટે જિનવચનોનો સ્વાધ્યાય અને અનિત્યાદિ બાર ભાવના તથા પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓનો સથવારો સતત જોઈએ. એકત્વભાવના, સંસારભાવના, આશ્રવભાવના, અશુચિભાવના, અનિત્યભાવના, અશરણભાવના, બોધિદુર્લભ ભાવના સાથે ચોથા-પાંચમા મહાવ્રતની ભાવના ખૂબ જ જરૂરી ગણી શકાય છે. આમ તો ૧૨+૨૫ બધી જ ભાવનાઓ ઉપયોગી છે... પરંતુ કંચન-કામિનીથી બચવા ઉપર જણાવેલી ભાવનાઓ વિશેષ જરૂરી છે. કારણ, એ બંનેના અનર્થોની ઊંડી વિચારણા આ ભાવનાઓમાં નિહિત છે.



તે - તે ભાવનાઓનો, જે તે સમયે ઉપયોગ કરતાં આવડે તો જીવ ઘણાં પાપોથી - અનર્થોથી બચી જાય.

કંચન - કામિની મુખ્યત્વે રાગ - રતિનાં પાપોથી આત્માને કલંકિત કરે છે. તેના પછી પાછળ પાપોની વણઝાર ઊભી થઈ જાય છે ! બંનેમાં અતૃપ્તિની આગ તો સતત જીવને બાળે જ છે.

પ્રથમ ગાથામાં પરિગ્રહને આકાશી ગ્રહો સાથે સરખાવવા પૂર્વક ભેદ સમજાવ્યો. આ ગાથામાં ગ્રહ - ભૂતાદિના આવેશ સાથે સરખાવવાનો પ્રયત્ન છે. જેમ ભૂતાદિના વળગાડના કારણે નશામાં ચઢેલા માનવની જેમ ગમે તેમ પ્રલાપ કરે છે, બકવાસ કરે છે. તેનો પોતાની જાત ઉપર કાબૂ હોતો નથી. તે જીવ, તે સમયે પરાધીન હોય છે. પોતાની સૂધ-બૂધ ખોઈ બેઠેલો હોય છે. પોતાની ઈન્દ્રિયો, વચન કે મન પર પોતાનું નિયંત્રણ (રાજ્ય-સામ્રાજ્ય) હોતું નથી. ભૂતના આવેશે તેના ઉપર પોતાનું પ્રભુત્વ પ્રસ્થાપિત કરી દીધું હોય છે. તેથી શાસ્ત્રની વાતો જાણવા છતાં શાસ્ત્રવિરુદ્ધ (ઉત્સૂત્ર) બોલતાં તે અચકાતો કે ડરતો નથી ! પાપના-મહાપાપના ભયની વાત તેના ધ્યાનમાં રહેતી નથી. ક્યારેક દંભ માથું ઊંચકે છે, તો ક્યારેક લોભ એને ગુલામ બનાવી દે છે. આ ગુલામી જ ઉત્સૂત્ર જેવા મહાપાપના આશ્રવ સુધી તેને પહોંચાડી દે છે !

આ પાપની ભયાનકતા બતાવતાં શ્રીઆનંદઘનજી મ. ચૌદમા અનંતનાથ ભગવાનના સ્તવનમાં જણાવે છે કે - 'પાપ નહીં કોઈ ઉત્સૂત્ર-ભાષણ જિસ્યો... ધર્મ નહીં કોઈ જગ સૂત્ર સરિખો....'

આ બધું કહેવા પાછળ જ્ઞાની ભગવંતોનો આશય એ જ છે કે - આ પરિગ્રહને કોઈ નાનું પાપ કે સામાન્ય દોષ ન સમજશો. પરિગ્રહની પાછળ તો કંઈ-કેટલાંય મોટાં-મોટાં પાપોની શ્રેણિ લાઈન લગાવીને હાજર ઊભી હોય છે ! હાજર થઈ જાય છે, તે પણ વગર આમંત્રણે જ ! તમારી કલ્પના પણ ન પહોંચે તેવી સ્થિતિ-પરિસ્થિતિનું નિર્માણ થઈ જાય છે. મોહરાજાએ ગોઠવેલા પોતાના વિશ્વાસુ સેવકો આત્માને ઠગી લે છે. બુદ્ધિશાળી અને બળવાન ગણાતો માનવ પણ અહીં છેતરાઈ જાય છે. માનવનાં બુદ્ધિબળ અને શારીરિક બળ વામણાં પુરવાર થાય છે. ત્યારે જ તો મતિ-બુદ્ધિના બેતાજ - બાદશાહ ગણાતા અને શરીરના બાહુબળનું અભિમાન ધરાવતાં ચક્રવર્તી - વાસુદેવ જેવા કે દિવ્ય શક્તિ ધરાવતા ઈન્દ્રાદિ દેવો પણ અહીં હાર ખાય છે, હાર કબૂલવી પડે છે ! માલ ખાઈને તગડો થયેલો તે જીવ માર ખાવા નરકાદિ ગતિના હવાલે થાય છે.

પરિગ્રહને આ ગાથામાં ભૂતાદિના વળગાડ તરીકે ગણાવ્યો છે. બીજી રીતે કહીએ તો દારૂવગેરેના નશા સાથે સરખાવ્યો છે. તે ભૂતાદિના વળગાડના કારણે અથવા નશાના કારણે ગમે તેમ, ધંગધડાવગરનું બોલ્યા કરે છે. તેમાં તે સમજશક્તિ (બુદ્ધિ), સ્મરણશક્તિ, વિવેક, વિનય, સંબંધ વગેરેનું જ્ઞાન-ભાન ગુમાવી દે છે. તેની ચેષ્ટા દયનીય અથવા હાસ્યાસ્પદ હોય છે.

લગભગ ગાંડા-પાગલની જેમ આ વળગાડવાળા જીવો પણ પોતાની જાત ઉપર નિયંત્રણ વગરના હોય છે. 'હું અપરિગ્રહી સાધુ છું' એવા સ્વરૂપને ભૂલી ધન મેળવવા વગેરેની ઈચ્છાને આધીન બની પ્રરૂપણામાં ગરબડ ઊભી કરે છે. અસંબદ્ધ વચનો બોલે છે. નાણસમક્ષ, પંચની સાક્ષીએ લીધેલાં મહાવ્રતોને દૂષિત બનાવે છે. કર્મનો ભાર હળવો કરવાની જગ્યાએ આવા જીવો કર્મોનો બોજ વધારી દે છે. સદ્ગતિ અને મુક્તિના આશયથી શરૂ કરેલી સાધના દુર્ગતિનાં ભવભ્રમણ તરફ આગળ વધે છે ! સંવર અને નિર્જરા માટેની પ્રક્રિયા આશ્રવના માર્ગની પુષ્ટિ કરનારી થાય છે.

આવી મહાવ્રતોની પ્રતિજ્ઞાવાળા જીવો જો પરિગ્રહના યોગે ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાના કારણે માર્ગભ્રષ્ટ થઈ જતા હોય... ઉત્સૂત્રના યોગે ક્યારેક ઉન્માર્ગ-ગામી પણ બની જતા હોય તો; પાપનાં પચ્ચક્ખાણ વગરનાં, વ્રતનિયમથી રહિત (લગામ વગરના) જીવોની હાલત તો શું થાય, તે તો કલ્પનાનો જ વિષય બને છે. ખીલે બાંધેલાં ઢોર જો નિયંત્રણની બહાર ચાલી જાય તો હરાયાં ઢોરની હાલત શું થાય ? એવો અહીં પ્રશ્ન કર્યો છે.

વ્રતો-નિયમો તો જીવની સુરક્ષા માટેની કિલ્લેબંધી છે. એમાં ગાબડાં પડે તો એ કિલ્લાને ધારાશાયી થતાં વાર ન લાગે.. જીવ અસુરક્ષિત જ બની જાય. કિલ્લાની એક ઈંટ-પત્થર નીકળી ગયા બાદ એ કિલ્લો ખોખરો થઈ જાય છે. તેની મજબૂતાઈ ખતમ થઈ જાય છે. માનવ અને શસ્ત્રની કિલ્લેબંધી કરતાં આ ઈંટ-પત્થરની કિલ્લેબંધી વધુ મજબૂત ગણાય છે. કિલ્લો મજબૂત હોય, દરવાજા બંધ હોય તો અંદર રહેલી વ્યક્તિ, પોતાને સુરક્ષિત સમજે છે, નિરાંતે સૂઈ શકે છે. તેમ મહાવ્રતોની કિલ્લેબંધી જીવને પાપોથી સુરક્ષિત બનાવી દે છે. મહાવ્રતો તો જગતમાં સર્વોત્તમ સુરક્ષાકવચ ગણાય છે. આનાથી ચઢિયાતું સુરક્ષા કવચ દુનિયામાં ક્યાંય ન મળે ! આવું કવચ વ્યક્તિગત સુરક્ષાય આપે છે ને સામુદાયિક સુરક્ષા પણ પ્રદાન કરે છે.

સાર એ આવ્યો કે - જે ભાગ્યશાળી પરિગ્રગરૂપ ગ્રહથી બચે છે તે બીજા



પણ ઘણા ગ્રહો (કષ્ટદાયકપાપો-દોષો) થી સહજરીતે બચી જાય છે.

આ જગતમાં જો જીવ કે જડનો પરિગ્રહ ન થતો હોત તો જીવો ઘણાં સુખ-સમાધિથી જીવતા હોત. યુગલિક માનવોને જે જોઈએ તે કલ્પવૃક્ષ આપે છે. જ્યારે માંગે ત્યારે મળી જાય છે. વળી, તેઓ જરૂરિયાત કરતાં ક્યારેય વધારે માંગતા નથી! તેના કારણે સંગ્રહ કરવાની કે સાચવવાની ચિંતા તેમને સતાવતી નથી. તેના જ કારણે તેમને સંગ્રહ કે સુરક્ષા માટે તિજોરી - ઘર વગેરેની આવશ્યકતા જ ઊભી થતી નથી ! આવી સ્થિતિ હોવાથી તેમને ઝાઝા રાગ (રાગના કારણે ઊભો થતો દ્વેષ... કાષાયિકભાવો) કે આસક્તિ હોતાં નથી. પરિગ્રહાદિ ન હોવાના કારણે તથા વિષયો - કષાયોની માત્રા અલ્પ હોવાનાં કારણે નરકાદિ દુર્ગતિમાં જતા નથી. દેવલોકમાં જાય છે !

બીજી રીતે વિચારીએ તો વિષયો (પાંચ ઈન્દ્રિઓના તેવીસ વિષયો) જ પરિગ્રહ નામના પાપને બોલાવે છે. 'ભોગવવા માટે રોજ જોઈશે, માટે ભેગું કરો.' આ મનોવૃત્તિ ઊભી થાય છે. ભેગું કર્યા પછી સાચવવા (સુરક્ષા) ની વાત તો આવે જ. આ સુરક્ષાની ચિંતાને 'ધ્યાનશતક' ગ્રંથમાં સંરક્ષણાનુંબંધી રૌદ્ર-ધ્યાન ગણાવ્યું છે. તે ધ્યાનને નરકાયુ બંધનું કારણ ગણાવ્યું છે. આના ઉપરથી જાણી શકાય છે કે - એક પાપ, કેટલાં પાપોનું કારણ બને છે. 'પૈસો પૈસાને ખેંચે' એ કહેવતની જેમ આવી કહેવત પણ બનાવી શકાય કે - પાપ, પાપોને ખેંચે અથવા એક દોષ અનેક દોષોને ખેંચે છે. માટે પાપનો નહીં, દોષનો નહીં, ગુણોનો અભ્યાસ પાડો, ગુણનો સતત અભ્યાસ પાડવાથી નવા નવા ગુણો પણ આવતા રહેશે. આત્માને દોષોનો - પોપોનો ઉકરડો નહીં, ગુણોનો બગીચો બનાવવાનો છે. આ વાતને દિલમાં રાખી પુરુષાર્થની દિશા નિશ્ચિત કરો. કારણ, પુરુષાર્થ ગમે તેટલો કરો પણ દિશામાં ભૂલ થઈ જાય તોય પરિણામ વિપરીત મળે છે.

ષોડશક પ્રકરણ ગ્રંથમાં આચાર્યશ્રી હિરભદ્રસૂરીશ્વરજી મહારાજે મોક્ષ-માર્ગની આરાધનામાં ત્રણ પ્રકારનાં વિઘ્નો બતાવ્યાં છે. ૧. કાંટો વાગ્યા જેવું. ૨. તાવ આવ્યા જેવું અને ૩. દિશાભૂલ. પ્રથમ બે પ્રકારનાં વિઘ્નોમાં થોડો સમય તમારી મુસાફરી અટકે છે. જ્યારે ત્રીજા પ્રકારના વિઘ્નમાં તો ગંતવ્ય સ્થાનનું અંતર જ વધી જાય છે. દિશા જ બદલાઈ જાય છે. જેમ કે પૂર્વમાં જવાનું હતું તે પશ્ચિમમાં ચાલવા લાગ્યા. ઉત્તરમાં જવાનું હતું તે દક્ષિણ દિશામાં ચાલવા માંડ્યું ! પ્રથમ બે વિઘ્નોમાં કદાચ તમારો દોષ નથી. તમારી બે-સાવધાની જવાબદાર નથી પરંતુ ત્રીજા વિઘ્નમાં તો બે - સાવધાની, ઉપયોગહીનતા જ જવાબદાર છે; એવું

સ્પષ્ટ સમજાય છે.

પરિગ્રહને પાપ જ ન માનતાં પાપોનો સમૂહ (અનેક પાપોનું કારણ) માનવો તે યોગ્ય છે. અપેક્ષાએ જગતમાં લોભને પણ પાપનો બાપ કહેવાય છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવ્યું છે કે 'જહા લાહા તહા લોહો, લાહા લોહો પવઢઈ.' જેમ જેમ લાભ થાય, તેમ તેમ લોભ વધતો જાય છે. સંતોષ અને લોભ પરસ્પર વિરુદ્ધ છે. એક ગુણ છે તો બીજો દોષ છે.

યોગશાસ્ત્રમાં શ્રીહેમચન્દ્રસૂરિજી મ. જણાવે છે કે - 'પરિગ્રહ અને આરંભમાં રચ્યા-પચ્યા (વેષધારી) સાધુઓ બીજાને કઈરીતે તારી શકે ? જે સ્વયં દરિદ્રી હોય તે બીજાને ધનુકુબેર બનાવવા કઈરીતે સમર્થ બની શકે ? પરિગ્રહનો ભાર સાધુને પણ ડુબાડી દે છે ! બાવાજીની લંગોટીની વાત પ્રસિદ્ધ છે. બાવાજી માત્ર લંગોટ પહેરતા. એ લંગોટને ઊંદરો કાપી નાખતા. ઊંદરોના ઉપદ્રવથી બચવા તેમણે એક બિલાડી પાળી, બિલાડીને દૂધ પીવડાવવા ગાય રાખી. ગાયને ઘાસ ખવડાવવા ખેતર રાખ્યું. ખેતરને ખેડવા વગેરે માટે માણસો રોક્યા...! શું બાકી રહ્યું ? કેટલો પરિગ્રહ થઈ ગયો ?

ગૃહસ્થને માત્ર 'ચા' પીવી હોય તો કેટલી ચીજોની જરૂર પડે ? તેથી જ કહેવત પડી કે - 'તાંબાની તરકડી તેર વાનાં માંગે' એક ઘર-પરિવાર ચલાવવા માટે કેટલી-કેટલી વસ્તુઓની જરૂરિયાત ગણાય છે ? કેટલોક પરિગ્રહ તો એવો હોય છે કે - જેની જરૂર વર્ષમાં એકાદ વાર જ પડે... ક્યારેક બાર મહિને પણ ન વપરાય.. પરંતુ તેનોય પરિગ્રહ ! સજાવટની ચીજો વગર જીવન-નિર્વાહ ન થાય એવું તો નથી... મોજ-શોખ ન કરવાથી જિંદગી અટકી નથી જતી... છતાંય બીજાના ઘરમાં છે, મારા ઘરમાં નથી... આ ભાવ તમને કેટલો પરિગ્રહ કરાવે છે? સામાન્ય રીતે જરૂરી કરતાં બિનજરૂરી, મોજ-શોખ તથા સજાવટનાં સાધનો (પરિગ્રહ) પર રાગ-મોહ વધારે થાય છે. એટલે પરિગ્રહ ઉપરાંત રાગ-મોહનું તીવ્ર પાપ પણ જીવને વળગે છે.

પરિગ્રહમાં આસક્ત જીવને ક્યારેય તૃપ્તિ થતી નથી. દુનિયાની તમામ ચીજોની માલિકી થઈ જાય તોય તેને ઓછી જ પડે ! ગમે તેટલી નદીઓનાં નીર સિંધુમાં ઠલવાય તોય તે ક્યારેય સંતુષ્ટ થાય ખરો ? અગ્નિ ક્યારેય ઈંધનથી તૃપ્ત થાય ખરો ?

આ પરિગ્રહથી અતૃપ્ત જીવોની ગણના કરાવતાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્ર સૂરિજી મ. કહે છેઃ ૬૦,૦૦૦ પુત્રોથી સગર ચક્રી તૃપ્તિ ન પામ્યો. ગાયોનાં ધણ



ઘણાં મળવા છતાં કુચિકર્ણ અતૃપ્ત જ રહ્યો. ધાન્યના ગમે તેટલા ઢગલા મળ્યા તોય તિલકશેઠને તૃપ્તિ ન થઈ. અરે ! જેને રાખવા માટે જગ્યા ઓછી જોઈએ... જેની કિંમત મોટી ગણાય છે. એવા સોનાના ઢગલા મળવા છતાં નંદરાજાને તૃપ્તિ ક્યાં થઈ હતી ? 'હજી વધારે જોઈએ છે' ની આગને તે જીવો બૂઝવી ન શક્યા !

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે તૃપ્તિ માટે ત્રણ ચીજો ઉપર ભાર મૂક્યો છે. ૧.જ્ઞાનમૃતનું પાન... અર્થાત્ જ્ઞાનરૂપ અમૃતનું પાન કરનારને બીજી કોઈ ચીજ પીવાનું મન ન થાય અથવા તેમાં આનંદ ન આવે. ૨. ક્રિયા એટલે સમ્યક્ક્રિયારૂપી સુરલતા (દેવતાઈ વેલડી-કલ્પવૃક્ષ) નાં ફળ ખાતો હોય તથા ભોજનને અંતે સામ્યભાવરૂપ તાંબુલ (મુખવાસ) નો આસ્વાદ લેતો હોય તેને જ તૃપ્તિનો અહેસાસ થાય. તેની જ અતૃપ્તિની આગ શાંત થાય !

સમ્યગ્જ્ઞાનવાળો જીવ જ ગુણ - દોષને જાણી શકે. તે જ વ્યક્તિ કલ્પવૃક્ષનાં ફળોનો આસ્વાદ કરી શકે. દશ પ્રકારનાં કલ્પવૃક્ષો તો માત્ર યુગલિકોને જ મળે પરંતુ સત્ક્રિયારૂપ કલ્પવૃક્ષનાં ફળો જિનશાસન પામેલા મુનિવરોને હંમેશા મળે. તે ઉપરાંત સમતાભાવરૂપ મુખવાસ પણ મુનિઓ હંમેશા વાપરતા હોય છે. મતલબ, ત્રણે વસ્તુનો મુખ્ય અધિકાર મુનિવરોને મળ્યો છે. તેથી તેઓ જ ઉત્કૃષ્ટ તૃપ્તિને પામી શકે છે. ચોથા-પાંચમા ગુણસ્થાને રહેલા સમક્તિદષ્ટિજીવો અને દેશવિરતિધર શ્રાવકો આવો આંશિક સ્વાદ પામી આંશિક તૃપ્તિને પામી શકે છે. તેટલું પણ ગૃહસ્થો કરે તો પૌદ્ગલિક આસક્તિમાં જરૂર ઘટાડો થાય. પરિગ્રહ અને લોભ પર થોડો - ઘણો કાબૂ મેળવી શકે. તેના કારણે ચિંકણાં કર્મબંધન ન થાય.

(ક્રમશઃ) ધ

## ★ અનુમોદનામૃતમ્ ★★★

**- સંકલન**

પૂ.આ.ભ. શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહરાજા આદિં ઠાણાં ૨ તથા પ્ર.પૂ.સા.શ્રી ભદ્રિકાશ્રીજી મ. આદિ ઠા.૪ની નિશ્રામાં બોરસદમાં સામુદાયિક વર્ષીતપની આરાધના નિર્વિઘ્ને અને ભાવોલ્લાસ સાથે થઈ રહી છે. ૧૫૦ થી અધિક આરાધકો આમાં જોડાયેલા છે.

શ્રી સંઘના અને ખાસ કરીને વર્ષીતપના તપસ્વીઓના આગ્રહથી પૂજ્યોએ બોરસદમાં જ સ્થિરતા કરી છે. પ્રવચનાદિ ચાલું છે.

એ દરમિયાન અવાર નવાર સાધુ - સાધ્વીજી ભગવંતો વિહારમાં આવતાં - જતાં હોય છે. વૈ.સુ.૫ તા.૨૫-૪-૨૩ મંગળવારે પૂ.મુ.શ્રી પુણ્યરત્ન વિ.જી ગણિવર આદિ ઠા.૨ તથા પૂ.સા. ધ્યાનદર્શિતાશ્રીજી મ. આદિ ઠા.૫ પધાર્યાં. એમાં પૂ.સા. નિઃસંગદર્શિતાશ્રીજી મ. મૂળ બોરસદના છે. તેઓએ ખાનગીમાં દીક્ષા સ્વીકારી હતી. બોરસદમાં પ્રથમવાર પધાર્યાં હતા. પૂ.આ.ભ. નાં સંસારી ભાણી થાય. તેથી પૂ.આ.ભ., ગણિવર, સાધ્વીજી વગેરેને સામૈયાપૂર્વક પોતાના નિવાસસ્થાન-અરિહંતનગરમાં લઈ ગયા. ત્યાં બાંધેલાં શમિયાણામાં પૂ. ગણિવર અને પૂ.આ.ભ.નાં પ્રવચનો શરૂ થયાં. પ્રવચન બાદ સાધ્વીજી મ. ના સંસારી પરિવાર તથા સગા-સંબંધીઓ અને સંઘના ભાગ્યશાળીઓ મળીને રૂ.૨૮૫ નું સંઘપૂજન થયું ! ગામ - પરગામના મળી લગભગ ૩૦૦ સંખ્યા હતી. અંતે સૌની નવકારશી રખાઈ હતી.

**ખંભાત :** ખંભાતના શકરપુરમાં શ્રીચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય તથા શ્રી સીમંધરસ્વામી જિનાલયના જીર્ણોદ્ધારને ૧૦૦ વર્ષ પૂરા થતાં હોઈ શતાબ્દી નિમિત્તે પંચાહ્નિક મહોત્સવનું આયોજન ; પૂ.આ.શ્રી જિનદર્શનસૂરીશ્વરજી મ., પૂ.આ. શ્રી ભવ્યદર્શનસૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી મોક્ષરતિસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં થયું હતું. પૂ.આ.ભ.શ્રી ભવ્યદર્શનસૂરીશ્વરજી મ. બોરસદથી વૈ.સુ.૧૧ તા.૧-૫-૨૦૨૩ સોમવારે ખંભાત તરફ વિહાર કરતાં ધર્મજ પધાર્યાં. વૈ.સુ.૧૨ વટાદરા પધાર્યાં. સામૈયા સાથે પ્રવેશ થયો. ત્યાં બપોરે પ્રવચન થયું. રૂ.૩૨ની પ્રભાવના થઈ. પૂ.આ.ભ.ના સંસારી સગા-વહાલાં અને જ્ઞાતિજનોનાં અહીં ઘરો છે. પૂજ્યશ્રી પ્રથમવાર આ ગામમાં પધાર્યા હતાં. સાંજે વત્રા ગામે સંથારો કરી બુધવાર વૈ.સુ.૧૩ ના રોજ શકરપુરા પધાર્યાં.

મહોત્સવના પ્રથમ દિવસે (વૈ.સુ.૧૧) શ્રી કુંભસ્થાપના-દીપકસ્થાપના આદિ સાથે જલયાત્રાના વરઘોડાનું આયોજન થયેલ. બીજે દિવસે (વૈ.સુ.૧૨) સવારે પ્રવચન અને ત્યારબાદ શ્રીનવપદજીની પૂજા ભણાવાઈ હતી. (ત્રીજા દિવસે પૂ.આ.શ્રી ભવ્યદર્શન સૂ.મ. ત્યાં પહોંચ્યા.) તે દિવસે અઢાર અભિષેકનું વિધાન થયું. વૈ.સુ.૧૪ના પાંચે આચાર્યભગવંતો પધાર્યા હતા. બધાનાં પ્રવચનો થયાં. ત્યારબાદ ૧. શ્રીચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય ૨. શ્રી સીમંધરસ્વામી જિનાલય તથા શ્રી ગૌતમસ્વામી આદિ અનેક ગુરુભગવંતોની મૂર્તિ - પગલાં બિરાજમાન છે, તેવા ગુરુમંદિરે ધ્વજારોહણના ચઢાવા બોલાયા.

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની ધજાનો ચઢાવો ૩ લાખ ૧૧ હજાર



મણમાં ગયો. સીમંધર સ્વામીની ધજાનો આદેશ ૧ લાખ ૮ હજાર મણમાં અપાયો. ગુરુ મંદિરની ધજાની બોલી ૩૧ હજાર મણમાં બોલાઈ હતી.

શ્રી ચિંતામણિપાર્શ્વનાથની ધ્વજાનો લાભ સેઠ કસ્તૂરભાઈ અમરચંદ શ્રોફ પરિવારે લીધો હતો. શ્રી સીમંધરસ્વામીનો લાભ અ.સૌ.મયૂરીબેન હેમંતભાઈ શાહ પરિવારે લીધો હતો. ગુરુ મંદિરની ધ્વજાના લાભાર્થી શેઠ કસ્તૂરભાઈ અમરચંદ શ્રોફ પરિવાર બન્યો હતો.

૧૦.૩૦ કલાકે શ્રીનવગ્રહાદિ પાટલા પૂજન થયેલ.

વૈ.સુ.૧૫ તા.૫-૫-૨૦૨૩ શુક્રવારે ૮-૦૦ કલાકે ઉપાધ્યાય શ્રી સકલચન્દ્રજી મ. કૃત સત્તરભેદી પૂજાનો પ્રારંભ થયો. ૯-૨૧ મિનિટે ત્રણે ઠેકાણે એક સાથે ધ્વજા લહેરાવાઈ. ૐ પુણ્યાહં પુણ્યાહં... શ્રી શ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ... ૐ શાંતિકરા ભવન્તુ... વગેરેનાં નાદ સાથે અને ચતુર્વિધ શ્રી સંઘની બહોળી ઉપસ્થિતિમાં ધ્વજારોહણપર્વ મનાવાયું. અંતે બૃહચ્છાંતિ સંભળાવવા પૂર્વક આચાર્ય ભગવંતોનાં પ્રવચનો થયાં. ત્યારબાદ બૃહદ્ અષ્ટોત્તરી (શાંતિ) સ્નાત્ર ભણાવાયું હતું. બપોરે ૧૨-૦૦ કલાકે શ્રીસંઘ સાધર્મિક વાત્સલ્ય રખાયું હતું. તેનો લાભ શ્રીમતી ભાનુમતીબેન મૂળચંદભાઈ શાહ તથા અ.સૌ. પુષ્પાબેન બાબુલાલ (બી.જી.શાહ) પરિવારે લીધો હતો. સાંજે બંને જિનાલયે ભવ્ય અંગરચના સાથે મહાપૂજા રાખેલ. તેનો લાભ શ્રી સીમંધરસ્વામી પુણ્યકૃપા પરિવારે લીધો હતો.

વૈ.વ.૧ ના દિવસે પૂ.આ.શ્રી ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણાં ખંભાત ગામમાં - તપગચ્છ અમર જૈનશાળામાં પધાર્યા. ત્યાં ૯-૧૫ કલાકે પ્રવચન થયું. સારી સંખ્યાની ઉપસ્થિતિ હતી. સંઘ પૂજનાદિ થયેલ. વૈ.વ.૨ તા.૭-૫-૨૩ રવિવારે સવારે નિખિલભાઈના વર્ષીતપ નિમિત્તે પ્રવીણભાઈ ગોળવાળાને ત્યાં પૂ.આ.શ્રી ભવ્યદર્શનસૂરીશ્વરજી મ., પૂ. આ.શ્રી યોગરતિ સૂ.મ. આદિ ચતુર્વિધ શ્રી સંઘનાં પગલાં થયાં. માગલિક પ્રવચન ગુરુપૂજનાદિ થયેલ. ૯-૦૦ થી ૧૦-૦૦ જૈનશાળામાં પૂ.આ.શ્રી ભવ્યદર્શન સૂ.મ.નું પ્રવચન થયેલ.

વૈ.વ.૩ તા.૮-૫-૨૩ સોમવારે પૂજ્યશ્રી વિહાર કરી કાણિસા પધાર્યા. ત્યાંથી વ.૪ ના ધર્મજ પધાર્યા. ત્યાં રાત્રે પુરુષો માટે પ્રવચન થયું. વ.૫. બોરસદ - કાશીપુરા પધારી ગયા. અહીં પૂ.આ.શ્રી મોક્ષરતિ સૂ.મ. તથા પૂ.આ.શ્રી તત્ત્વદર્શન સૂ.મ. બિરાજમાન હતા. પ્રવચનો ચાલું જ હતાં. પૂ.આ.શ્રી ભવ્યદર્શન સૂ.મ. હમણાં બોરસદમાં સ્થિરતા કરશે.

વર્ષીતપના તપસ્વીઓનો તપ સુંદર રીતે આગળ વધી રહ્યો છે. આયોજકોની ઉદારતા, શ્રેયાંસકુમાર પરિવારની ભક્તિ અનુમોદનીય છે.

વૈ.વ.૫ ના પૂ.આ.શ્રી મોક્ષરતિ સૂ.મ. ની ૪૦ મી દીક્ષાતિથિ નિમિત્તે તેઓના સંસારી પરિવાર તરફથી રૂ.૪૦ ની પ્રભાવના થઈ હતી. એ દીક્ષાતિથિ નિમિત્તે ગુરુભક્તો તથા વર્ષીતપ સંકલન સમિતિ તરફથી વૈ.વ.૧૦ તા. ૧૪-૫-૨૩ રવિવારે વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન થશે.

## ★ વાંચનનું તારણ, ભક્તિનું કારણ ★★★

**- સંકલન**

જૈનકુળમાં મહાન પુણ્યોદયે જન્મ મેળવનાર કેટલાક કમભાગી જીવોને; જન્મોજન્મના ઉપકારી શ્રીવીતરાગ-તીર્થંકર પરમાત્માની પૂજા કરવાની, ભગવદ્ભક્તિ દ્વારા પુણ્યોપાર્જન કરવાની અને આગામી જન્મોને સદ્ગતિમય બનાવી મુક્તિને સર કરવાની ભાવના નથી જાગતી.

જે જે ચીજો જીવોને પુણ્યના ઉદયથી મફતમાં મળી જાય છે, તેની ક્યારેક કિંમત નથી સમજાતી, જેમ રાજાના દીકરાને (રાજકુમારને) સોનાનાં રમકડાં જોઈએ તેટલાં મળવાના યોગે તેની કિંમત નથી સમજાતી, તે જ રીતે પુણ્ય-પાપ, સદ્ગતિ-દુર્ગતિ, ભૌતિક જગત-અધ્યાત્મજગત, સુલભ-દુર્લભ વગેરેનો ભેદ ન સમજાય તેવા જીવોને દેવગુરુ - ધર્મની કિંમત ક્યાંથી સમજાય ?

ક્યારેક સંખ્યાત - અસંખ્યાત કે અનંતકાળે મળનારા માનવભવની કે દેવ-ગુરુ-ધર્મની દુર્લભતા નથી સમજાતી તેવા જીવો આ બધાને એળે ગુમાવે છે. બધું હારી જાય છે. ફરી તેઓ દુર્ગતિમાં ચાલ્યા જાય છે. જ્ઞાનીઓને મન આવા જીવો ખૂબ દયાપાત્ર ગણાય છે.

આવા જીવો માટે ગુજરાત-સમાચારમાં આવેલું લખાણ આંખ ઉઘાડનારું, ઊંઘમાંથી જગાડનારું અને ભગવાનની કિંમત સમજાવનારું બને, એવા ઉદેશથી અહીં અક્ષરશઃ રજૂ કરવામાં આવે છે.

આ લખાણમાં વારાણસી (કાશી) માં આવેલા કાશી વિશ્વનાથમંદિરમાં રહેલી બાબાની પ્રતિમાનાં સ્પર્શ-દર્શન કરવા માટે રૂ.૩૦૦ નો ચાર્જ ડિસેમ્બર ૨૦૧૮ થી શરૂ થયો છે. આ ચાર્જની રકમ હજી ૫૦૦-૧૦૦૦ પણ થઈ શકે છે; એવો ઉલ્લેખ છે.



જૈનોને મફતમાં ભગવાનનો સ્પર્શ-પૂજન વગેરે ભક્તિ કરવા મળે છે, છતાં હજારો-લાખો જૈનો તેનાથી વંચિત રહે છે. આ સ્થિતિ કરુણાજનક ગણાય. આવા જીવો પ્રેરણા પામી પરમાત્માની પૂજા-ભક્તિના માર્ગે આગળ વધે, એવી શુભેચ્છા

-સંપાદક

**ટ્રાયલ માટે રૂ.૫૦૦ ચાર્જ રખાયો હતો.શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં બાબાને સ્પર્શ કરવા પર ચાર્જ વસૂલાશે.**

વારાણસી, તા.૧૩ શ્રીકાશી વિશ્વનાથ મંદિરમાં હવે નવો નિયમ લાગુ કરવામાં આવી રહ્યો છે. આ નિયમ મુજબ હવેથી બાબા વિશ્વનાથના સ્પર્શ દર્શન કરવા માટે રકમ ચૂકવવી પડશે. મંદિર પ્રશાસન દ્વારા રકમ પર વિચાર કરવામાં આવી રહ્યો છે.એક રિપોર્ટ મુજબ, આ રકમ રૂપિયા ૫૦૦ થી ૧૦૦૦ સુધી રાખવામાં આવી શકે છે.

શ્રીકાશી વિશ્વનાથ મંદિરના પ્રશાસન દ્વારા ટ્રાયલના રૂપમાં ભક્તો પાસેથી રૂપિયા ૫૦૦ નો ચાર્જ લેવાનો શરૂ કરવામાં આવ્યો છે. આ વ્યવસ્થાના ભાગરૂપે હવે દર્શનાર્થીઓ સીધા ગર્ભગૃહ સુધી પ્રવેશ કરીને બાબાના સ્પર્શ દર્શન કરી શકશે. અત્યાર સુધી, તમામ શ્રદ્ધાળુઓ સીધા ગર્ભગૃહમાં પ્રવેશ કરીને સ્પર્શ દશર્ન કરતા હતા પણ તેને કારણે અવ્યવસ્થા સર્જાતી હતી.

ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૧૮ના રોજ મંદિર પ્રશાસન દ્વારા સુગમ દર્શન વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વ્યવસ્થાના ભાગરૂપે રૂપિયા ૩૦૦ના ખર્ચે દર્શનાર્થીઓ કોઈપણ લાઈનમાં ઊભા રહ્યા વગર સીધા મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ કરી શકતા હતાં. મંદિર પ્રશાસનનું કહેવું છે કે, નવી વ્યવસ્થાને કારણે દર્શનાર્થીઓની સુવિધામાં વધારો થશે. શ્રીકાશી વિશ્વનાથ મંદિરના પ્રશાસનનું કહેવું છે કે, છેલ્લા ઘણા સમયથી ભક્તોની સુવિધામાં વધારો કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ નવી વ્યવસ્થા તેનો જ એક ભાગ છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૧ માં ૩૫૨ વર્ષ બાદ કાશી વિશ્વનાથ મંદિરમાં કોરિડોર બનાવીને શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો કરવામાં આવ્યો હતો.

**આ પહેલા વ્યવસ્થાના ભાગરૂપે ૩૦૦ ના ખર્ચે સીધા ગર્ભગૃહમાં પ્રવેશ મેળવી શકાતો હતો.**

૨૦૨૩, ૧૪ માર્ચ, મંગળવાર ગુજરાત સમાચાર